વર્ષ ૨૦૧૯-૨૦ માટે આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને શ્રેષ્ઠ કામગીરી માટે ''માતા યશોદા એવોર્ડ'' આપવા બાબત

ગુજરાત સરકાર,
મહિલા અને બાળ વિકાસની વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૧૨૦૦૭/સી.એમ.૧/બ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬/૧૦/૨૦૨૧

વંચાણે લીધા:

૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૧૨૦૦૭/સીએમ-૧-બ, તા.૧૧/૨/૨૦13

૨) રાજ્ય કક્ષાની પસંદગી સમિતિની તા.૨૦/૧૦/૨૦૨૧ ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

3) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના તા.૨૧/૧૦/૨૦૨૧ ના પત્ર ક્રમાંક: વહટ-૧૦/આઇસીડીએસ/મા.ય.એ./૨૦૧૯-૨૦/૨૦૨૧

ઠરાવ:-

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી રાજ્ય સરકાર દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકના આંગણવાડી કેન્દ્રમાં માનદસેવા બજાવતા આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને શ્રેષ્ઠ કામગીરી માટે દર વર્ષે "માતા યશોદા એવોર્ડ" આપવાની યોજના અમલમાં છે. વંચાણે લીધા (૨) પરની પસંદગી સમિતિની કાર્યવાહી નોંધ મુજબ "માતા યશોદા એવોર્ડ" વર્ષ ૨૦૧૯-૨૦ માટે આંગણવાડી કાર્યકર અને તેડાગર ના નામોની પસંદગી કરવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધા (3) પરના પત્રથી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે.

રાજ્યકક્ષાની પસંદગી સમિતિ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ માટેનો ''માતા યશોદા એવોર્ડ'' શ્રેષ્ઠ આંગણવાડીના કાર્યકર અને તેડાગરની પસંદગી માટેના માપદંડો મુજબની પાત્રતા ધરાવતા નીચે દર્શાવેલ આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગરને આપવાનો નિર્ણય કરવામાં આવે છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ઘટકનું નામ | કેન્દ્રનું નામ | આંગણવાડી કાર્યકર/તેડાગરનું નામ | વર્ષ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | દસ્ક્રોઇ-૨ | કુહા-૫ | પટેલ કામિનીબેન ભરતકુમાર (આંગણવાડી કાર્યકર) | ૨૦૧૯-૨૦ |
| ૨ | અમદાવાદ | દસ્ક્રોઇ-૨ | કુહા-૫ | વાળંદ હંસાબેન વિનોદભાઇ (આંગણવાડી તેડાગર) | ૨૦૧૯-૨૦ |

ઉક્ત માનદ કર્મીઓને એવોર્ડ વિતરણના સ્થળે આવવા માટે ટી.એ./ડી.એ. મળવાપાત્ર થશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેકશન અધિકારી,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,

પ્રતિ

૧. અંગત સચિવશ્રી, માન. રા.ક.મંત્રીશ્રી, (મ.બા.ક.), સ્વર્ણીમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.
૨. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૩. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
૫. નાણાં સલાહકારશ્રી(મ.બા.ક.), સચિવાલય, ગાંધીનગર.
૬. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવલય, ગાંધીનગર – ઓનલાઇન વેબસાઇટ પર મુકવા સારું.
૭. શાખા સિલેક્ટ ફાઇલ